સ્વઅધ્યયનપોથી

ધોરણ
9

ભાગ
3



વિદ્યાર્થીનું નામ _____ રોલ નંબર _____

શાળાનું નામ _____ વર્ગ _____

સલામત શાળા
સલામત ગુજરાત



સ્વચ્છ શાળા સલામત શાળા

કચરો

✔ શું કરવું



કચરો કચરાપેટીમાં જ નાખવો.



થૂંકવા હમેશાં થુંકદાનીનો ઉપયોગ કરવો.



રિસાયકલ થતી વસ્તુનો વધુ પડતો ઉપયોગ કરવો.

✘ શું ના કરવું



કચરો જ્યાં ત્યાં નાખવો નહીં.



રસ્તા અને દિવાલ પર થૂંકવું નહીં.



પ્લાસ્ટિકનો ઉપયોગ કરવો નહીં.

પાણીજન્ય રોગો

✔ શું કરવું



પાણી ઉકાળીને જ પીવું અને માટલામાંથી પાણી કાઢવા હમેશાં ડોયાનો ઉપયોગ કરવો.



જમતા પહેલાં સાબુથી હાથ અવશ્ય ધોવા.



શાકભાજી અને ફળફળાદી હમેશાં ધોઈને ખાવા અને રાંધેલો ખોરાક હમેશાં ઢાંકીને રાખવો.

✘ શું ના કરવું



ખુલ્લામાં શૌચક્રિયા કરવું નહીં.



વાસી અને ખુલ્લા ખાદ્ય પદાર્થો ખાવા નહીં.



કોઈપણ અજાણ્યા સ્રોતોનું પાણી પીવું નહીં.

Education Department
Government of Gujarat
GSDMA
GUJARAT INSTITUTE OF DISASTER MANAGEMENT
BUILDING RESILIENCE
unicef | for every child
All India Disaster Mitigation Institute

પ્રેરણા

ડૉ. રતનકંવર એચ. ગઢવીચારણ (IAS)
સ્ટેટ પ્રૉજેક્ટ ડાયરેક્ટર,
સમગ્ર શિક્ષા, ગાંધીનગર

માર્ગદર્શન

પ્રકાશ ત્રિવેદી
નિયામક, જીસીઈઆરટી

ડૉ. એમ. એમ. પટેલ (GAS)
એએસપીડી, સમગ્ર શિક્ષા

એસ. જે. ડુમરાળિયા
સચિવ, જીસીઈઆરટી

મહેશ મહેતા
સચિવ, સમગ્ર શિક્ષા

સંકલન

ધર્મેશ રામાનુજ
અતુલ પંચાલ
રીઝવાનાબેન મિરઝા
ડૉ. અખિલ ડી. ઠાકર
સુચિત પ્રજાપતિ
હેમલબેન પંડ્યા
જયદિપસિંહ ચૌહાણ
અનિલકુમાર ઉપાધ્યાય
સંજય ચૌધરી
નિરવ મિસ્ત્રી

લેખન-સમીક્ષા ગુજરાતી

ડૉ. રાકેશ રાવત
દાનેશભાઈ મોદી
ભરત ખાચર
રશ્મિકાબેન મોદી
કલ્પેશભાઈ પટેલ
પ્રજ્ઞેશકુમાર વ્યાસ
બાબુભાઈ સોલંકી
બહેચરભાઈ ચૌધરી
મહેન્દ્ર રોહિત
રસિક વાળંદ
હસમુખ પટેલ
જગતકુમાર મોટકા
ડૉ. જૈનીબેન ભોજક
હર્ષવીબહેન પટેલ
જિજ્ઞેશકુમાર ગદાણી
જિગીષા રાઠોડ
અજય શર્મા
ડૉ. પ્રકાશ વિહોલ
માધવ ગઢવી
ડૉ. મગન બથવાર
પ્રિયંકાબેન ચૌધરી
નરેન્દ્રભાઈ રાવલ
મિનેશકુમાર વાળંદ
ભરતભાઈ ખાચર
સંજયકુમાર નાગર
એ. જે. રહેવર

લેખન-સમીક્ષા ગણિત

ડૉ. સંજયભાઈ શાહ
અંજનાબેન પટેલ
વિમલભાઈ સુથાર
પ્રજ્ઞેશકુમાર પારેખ
દિનેશભાઈ પટેલ
અલ્પેશભાઈ ભટ્ટ
સંજયભાઈ શર્મા
મનોજભાઈ ઉપાધ્યાય
પી. આઈ. પટેલ
ડૉ. મિલનકુમાર શાહ
ડૉ. કનૈયાલાલ પટેલ
દર્શનભાઈ મહેતા

લેખન-સમીક્ષા અંગ્રેજી

રાકેશભાઈ ઉપાધ્યાય	રાજુભાઈ જેઠવા	કંદર્પકુમાર જોષી
મોહસીનભાઈ શેખ	મેહુલભાઈ ભાલ	પૂર્વેશભાઈ પાવાગઢી
કુલદિપકુમાર પંડિત	ગીતાબેન અધ્વર્યુ	મયુરભાઈ ઉનડકટ
મિલનભાઈ પાઠક	જયેશભાઈ પઢારિયા	ડૉ. વૈશાલીબેન ચાવડા
ડૉ. ભાવેભાઈ ઠક્કર	ડૉ. જયેશભાઈ સુતરીયા	સીમાબેન કશ્યપ
ડૉ. દિપેશભાઈ અસોદરીયા	ડૉ.વર્ચસાબેન ભાડ	

લેખન-સમીક્ષા વિજ્ઞાન

વિનય પટેલ	મેહુલકુમાર પટેલ	બ્રિજેશકુમાર પટેલ
ડૉ. પ્રણવકુમાર ઉપાધ્યાય	મયંક ભટ્ટ	ડૉ. ભાવિનકુમાર પટેલ
નીતિનકુમાર પીઠડિયા	કેયુરકુમાર શાહ	સુનીલકુમાર જાધવ
અર્ચનાબેન પટેલ	ભાવેશકુમાર સુથાર	હીરેનભાઈ વ્યાસ
રશ્મીકાંત પટેલ	ડૉ. ગોવિંદ પટેલ	મિત્તલબેન પટેલ
રાજેશકુમાર પટેલ	ચેતનકુમાર પટેલ	મોના દેસાઈ
વૈશાલી ગરાસિયા		

લેખન-સમીક્ષા સામાજિક વિજ્ઞાન

બીમલભાઈ ભાવસાર	ચેતનભાઈ પટેલ	મહેન્દ્રભાઈ પાઠક
શૈલેન્દ્રસિંહ સોઢા	સંજયકુમાર પટેલ	સુરેશભાઈ ધોરીયા
વનરાજસિંહ ચાવડા	ભરતસિંહ વાઘેલા	ડૉ. પૂર્ણિમાબેન ત્રિવેદી
વીમલભાઈ દંગી	અરવિંદભાઈ પટેલ	બી. એમ. મેટાળીયા
મુકેશભાઈ પટેલ	વિમલ જાખડીયા	હારીતાબેન રાવલ
ભૂમિકાબેન મેધાણી	હાર્દિકભાઈ ગોસ્વામી	નીકુલ સથવારા
	આશિષભાઈ પટેલ	

પ્રસ્તાવના

સૌ પ્રથમ તો સત્રની સ્વઅધ્યયનપોથીનાં પ્રયોગ માટે આપ સૌ સાથે ટીમને ધન્યવાદ. મોટાભાગે વિદ્યાર્થીઓને પુરા વર્ષની દરેક વિષયની સ્વઅધ્યયનપોથીઓ સ્કૂલમાં દરરોજ સાથે લઈને આવતા હોય છે. વિષયના સરળીકરણ માટેના અભિગમ તેમજ બધા વિષય બધી સ્વઅધ્યયનપોથીમાં ક્રમિક માસવારના આયોજન મુજબ ગોઠવણી કરવામાં આવેલ છે. જે ધ્યાને લઈ સત્ર મુજબની આ સ્વઅધ્યયનપોથીનું નિર્માણ થયેલ છે. મૂળભૂત શિક્ષણ બુદ્ધિ, જ્ઞાન, ક્ષમતા વર્ધન, શારીરિક, માનસિક મને મૂલ્ય વિકાસને સમર્થન આપવાનું કાર્ય કરતું હોય છે. શીખવાની પ્રક્રિયા સાથે શિક્ષક-વિદ્યાર્થીનો સહ-સબંધ, અભિગમ, નવાચાર જેવી અનેકવિધ બાબતો જોડાઈને શાલેય શિક્ષણની શરૂઆત થતી હોય છે. વિદ્યાર્થી શાળાના વર્ગોમાં, ઘરે અને સમાજમાં વિવિધ અનુભવો પ્રાપ્ત કરી શીખવાનો પ્રયાસ કરતા હોય છે. અહીં જાતે શીખવાની પ્રક્રિયા પર વધુ ભાર દેવા માટે સ્વઅધ્યયનપોથીમાં મહાવરા સાથે અનુભવયુક્ત બાબતોને જોડવાનો પ્રયાસ કરાયો છે.

આ સ્વઅધ્યયનપોથીમાં દરેક વિષયનું પૂર્વજ્ઞાન, અગાઉની માહિતીનું હસ્તાંતરણ અને શીખેલી બાબતોનું પુનરાવર્તન થઈ શકે તે માટેની પ્રવૃત્તિઓ બ્રિજકોર્સનાં માધ્યમે મુકવામાં આવે છે. બાદમાં ક્રમશઃ દરેક વિષયના માસવાર અભ્યાસક્રમ અને સત્રને ધ્યાને લઈ એકમ આધારિત પ્રવૃત્તિઓનું આયોજન મુકાયેલ છે. વિષય અનુબંધિત પ્રવૃત્તિઓ શિક્ષક-વિદ્યાર્થીની શીખવા-શીખવવાની પ્રક્રિયાને બળવત્તર બનાવી શકાય તે માટે વિવિધ પ્રયુક્તિઓ સાથે મુકવામાં આવી છે તેને ધ્યાને લઈ વર્ગ પ્રક્રિયામાં વિદ્યાર્થીઓની સિધ્ધિઓના વિકાસની તક ઊભી થાય તેવું વાતાવરણ નિર્માણ થશે.

ધોરણ 10ની આ સ્વઅધ્યયનપોથીમાં સત્રવાર આમેજ કરાયેલ અંગ્રેજી, ગુજરાતી, વિજ્ઞાન, ગણિત, સામાજિક વિજ્ઞાન વિષયની પ્રવૃત્તિઓ એકમ, અધ્યયન નિષ્પત્તિઓ અને વિદ્યાર્થીના વિકાસ માટેના ધ્યેયોને ધ્યાને લઈ નિર્માણ કરવામાં આવી છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020 અનુસાર શીખવાની પ્રક્રિયામાં વર્ગ સાથે વિદ્યાર્થીની વ્યક્તિગત શીખવાની પ્રક્રિયા પણ વધુ અગત્યની બની રહે છે. અપાયેલ પ્રવૃત્તિમાં મહાવરા સાથે સ્વ-અનુભવ, તર્ક, કલ્પના, પ્રકલ્પ, તાર્કિક ચિંતન, રોજિંદો વ્યવહાર, અવલોકન, સર્જન તેમજ અધ્યયન નિષ્પત્તિ આધારિત બાબતો જોડવામાં આવી છે.

અધ્યયન માટેની આ સ્વઅધ્યયનપોથીમાં માસવાર પ્રવૃત્તિ આયોજન સાથે શિક્ષક-વિદ્યાર્થીને શીખવાની બાબતોનું પરસ્પર જોડાણ થાય તેવા પ્રયાસો હાથ ધરાયેલ છે. દરેક વિષયના અનુબંધની પ્રવૃત્તિઓ તરીકે વિજ્ઞાનમાં પ્રયોગશીલતા, ભાષામાં ભાષાસજ્જતા, ગણિતમાં તાર્કિક ચિંતન, ગણન, સામાજિક વિજ્ઞાનમાં જીવનઘડતર ઐતિહાસિક સમજ માટેની પ્રવૃત્તિઓ મહાવરા સાથે મુકવામાં આવી છે. આગળના ધોરણના પ્રમુખ અધ્યયન બિંદુઓ, ચાલુ વર્ષના એકમની વિષયવસ્તુના જરૂરી મહાવરા સાથે નિર્માણ થયેલી સત્ર મુજબની આ સ્વઅધ્યયનપોથીનાં નવાચારી પ્રયોગને આવકારી વર્ગકાર્યમાં વધુ અસરકારી પરિણામ પ્રાપ્ત થાય તે માટે શુભકામનાઓ.

અહીં અપાયેલ દરેક વિષયની સત્રવાર પ્રવૃત્તિઓ વર્ગ અધ્યાપન પ્રક્રિયામાં સમજપૂર્વક અને રસ સાથે થશે તો શીખવાની સાથે ગુણવત્તામાં પણ વધારો થશે તેવી શ્રધ્ધા સેવું છું.

ડૉ. રતનકંવર એચ. ગઢવીચારણ (IAS)

સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર, સમગ્ર શિક્ષા

શિક્ષક-વાલી જોગ સંદેશ

નમસ્કાર.

શિક્ષણ અવિરત ચાલતી પ્રક્રિયા છે, તે માત્ર વર્ગખંડ, સમયપત્રક કે વિષયમાં જ બંધાયેલું રહેતું નથી. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 અનુસાર શિક્ષણના અધ્યયન બિંદુઓને શીખવવા માટે પ્રશ્નોત્તરી, પ્રવૃત્તિ, અવલોકન, પ્રૉજેક્ટ, સર્વે જેવી વિવિધ પ્રયુક્તિઓનો સહારો લેવાનો છે. અહીં નિર્માણ થયેલી મહાવરાની વિવિધ સામગ્રીમાં આ બધી જ બાબતોને કાળજીપૂર્વક ધ્યાનમાં લેવાયેલી છે. આ સામગ્રીના મહાવરા માટે નીચે મુજબની કેટલીક બાબતોને ધ્યાનમાં રાખીશું તો આપણા વિદ્યાર્થીઓ અપેક્ષિત શૈક્ષણિક ક્ષમતા કેળવી શકશે અને નવા શૈક્ષણિક વર્ષના અભ્યાસક્રમને સારી રીતે સમજીને શીખવાનું શરૂ કરી શકશે.

અહીં આપેલા મહાવરામાં મુખ્ય ત્રણ બાબતોની કાળજી લેવાઈ છે. **પ્રથમ** વિદ્યાર્થીઓને અગાઉના ધોરણના વિષયને અનુરૂપ વિષયવસ્તુનો પુનઃ પરિચય થાય તેવી બાબતોને અપાઈ છે. **બીજું,** અપાયેલ દરેક મહાવરા માટે એવી બાબતોનો આધાર લેવાયો છે જેની સંકલ્પનાઓ અભ્યાસ માટે પાયારૂપ હોય. આ બાબતો અગાઉના ધોરણના વિષયવસ્તુની સંકલ્પનાને વધુ દૃઢ બનાવી તેને શીખવા માટે સરળતા રહે તેવું વાતાવરણ નિર્માણ કરશે. **ત્રીજું,** અભ્યાસક્રમનો પ્રારંભ થાય તે પહેલાં વિદ્યાર્થીઓના પ્રવર્તમાન શૈક્ષણિક સ્તરનું સાર્વત્રિક મૂલ્યાંકન પણ થઈ શકે. આવું કરવાથી વર્ગ કે વિષય શિક્ષક વિદ્યાર્થીઓનું સ્તર માપીને નવી બાબત શીખવવાની શરૂઆત કરે તે પહેલાં તેને કયા પ્રકારનું આયોજન કરવું ? કેવી પદ્ધતિનો સહારો લેવો? કઈ કઈ પ્રયુક્તિઓને આયોજનમાં સમાવિષ્ટ કરવી તેનો ખ્યાલ આવે. આનાથી અગાઉના વર્ષની અધ્યયન ખોટ (લર્નિંગ લૉસ)ની અસર હાલના ધોરણમાં ન પડે.

- સ્વઅધ્યયપોથીમાં આપેલી દરેક બાબતમાં પ્રવૃત્તિઓ પણ સમાવિષ્ટ હોવાથી પ્રવૃત્તિ માટે પૂરતો સમય આપવો.
- સ્વઅધ્યયપોથીમાં પ્રવૃત્તિઓમાં લખવા-વાંચવા સાથે જૂથ અને સમૂહમાં પ્રવૃત્તિઓ પ્રૉજેક્ટ કાર્ય જેવી વિવિધ બાબતોનો સમાવેશ કરેલ હોઈ તેને પણ શીખવાનો અગત્યનો ભાગ માનીને તે કરવા માટે પૂરતો સમય અને સ્વતંત્રતા આપવી.
- સ્વઅધ્યયપોથીની આ પ્રવૃત્તિઓ દરમ્યાન વિદ્યાર્થીને તેના મિત્ર, કુટુંબીજનો અને અન્ય લોકોની જરૂર પડે તેવું આયોજન હોવાથી તેને પ્રવૃત્તિ માટે અન્ય સાથે કામ કરવાની છૂટ આપવી.
- સ્વઅધ્યયપોથીની પ્રવૃત્તિઓ શાળા અને ઘર બંને જગ્યાએ એક સાથે ચાલે તે માટેનું આયોજન વિદ્યાર્થીઓને સતત જણાવતા રહીને તેમને આગળના અભ્યાસ માટે પણ જોડવાના છે તેનો ખ્યાલ આપવો.
- સ્વઅધ્યયપોથીની પ્રવૃત્તિઓ અભ્યાસક્રમ સાથે સંકળાયેલ હોવાથી તેને માત્ર મનોરંજન સ્વરૂપે ન માની લેતાં વિદ્યાર્થીઓ ગંભીરતાથી તે કરે અને તેમાંથી શીખે તેવું આયોજન કરવું.

- સ્વઅધ્યયપોથીની આ સંપૂર્ણ પ્રક્રિયા વધુ મહાવરા માટેની હોવાથી વર્ગના દરેક વિદ્યાર્થી દરેક અધ્યયન નિષ્પત્તિની પ્રવૃત્તિમાં સમાન સ્તરે પહોંચે તે માટે પ્રયાસ કરવો.
- સ્વઅધ્યયપોથી એ અધ્યયન કચાશ(ખોટ) પૂરી કરવાનો પ્રયાસ હોવાથી શિક્ષક સાથે વાલી, શિક્ષિત મોટા ભાઈ-બહેન અને ઉપલા ધોરણના મિત્રો પણ વિદ્યાર્થીને મદદ કરે તે ઇચ્છનીય છે.
- સ્વઅધ્યયનપોથી સાથે આપેલી મહાવરાની વિવિધ પ્રવૃત્તિઓ અભ્યાસક્રમની સંકલ્પનાઓને સમજવું સરળ બની રહે તેવો પ્રયાસ કરવા માટે બને તેટલો વધુ સમય મહાવરા માટે આપવાનું આયોજન કરવું.
- સ્વઅધ્યયપોથીમાં એવી બાબતોનો સમાવેશ કરાયો છે જેનાથી વિષયવસ્તુની સંકલ્પના સમજવું સરળ બને છે તેને ધ્યાને લઈ પ્રવૃત્તિઓ કરાવતા સમયે તે પૂરેપૂરી રીતે શીખી જાય તેની કાળજી લેવાય તે જોવું.
- સ્વઅધ્યયપોથીમાં આપેલી પ્રવૃત્તિઓમાં લેખન અલગ નોટબુકમાં કરવાનું હોય ત્યાં વિદ્યાર્થીઓની લખેલ પ્રવૃત્તિઓની સમયસર ચકાસણી કરી તેની સારી અને સુધારાત્મક બાબતોનું વ્યક્તિગત માર્ગદર્શન આપવું ઇચ્છનીય છે.
- આપેલી પ્રવૃત્તિઓ વિદ્યાર્થીની સમજ અને સંકલ્પનાના વિકાસ માટે હોવાથી વર્ગના વિદ્યાર્થીઓ અધ્યયન નિષ્પત્તિ આધારિત એક-બે પ્રવૃત્તિઓ બાદ તેને સમજી શકયા છે તેવું જણાય તો તે પૈકીની અન્ય પ્રવૃત્તિઓ ગૃહકાર્યમાં આપી શકાય જેથી વર્ગમાં અન્ય અધ્યયન નિષ્પત્તિ આધારિત પ્રવૃત્તિઓ કરવામાં પૂરતો સમય મળી શકે.
- આપેલી પ્રવૃત્તિઓની સમજ માટે ચિત્રો, સાધન-સામગ્રી અને અન્ય સહાયક સંદર્ભનો આધાર લેવાયો છે તેને ધ્યાને લઈ તેવી પ્રવૃત્તિઓ માટે તે સંદર્ભિત સામગ્રીની સમજ મળી રહે તેવું આયોજન હાથ ધરવું.
- અહીં પસંદ થયેલી મોટાભાગની પ્રવૃત્તિઓ અભ્યાસક્રમને વધુ બળવત્તર બનાવવાના હેતુસર આપેલ હોવાથી વર્ગના તમામ વિદ્યાર્થીઓ આ પ્રવૃત્તિઓની સંકલ્પના અને સમજ કેળવે તે માટે પ્રવૃત્તિ દરમ્યાન પૂરતું માર્ગદર્શન અને પરોક્ષ મૂલ્યાંકન કરતાં રહેવું.
- અહીં આપવામાં આવેલ પ્રવૃત્તિઓ માત્ર જે તે અધ્યયન નિષ્પત્તિમાં સમાવિષ્ટ સંકલ્પનાના મહાવરા માટે આપેલ છે. વર્ગમાં જરૂરી મહાવરા માટે આ પ્રકારની વધુ પ્રવૃત્તિઓનો વિકાસ કરી તેનો પણ મહાવરો કરાવી શકાય.
- પ્રવૃત્તિઓ તેના વિષયની નવી સંકલ્પનાઓ સરળ કરવા માટે હોવાથી તેનો પૂરતો મહાવરો થાય તે માટે વર્ગનું સમયપત્રક વિષયવાર ગોઠવી તે મુજબ કાર્ય થાય તે જોવું.

મહેશ મહેતા

સચિવ

સમગ્ર શિક્ષા

અનુક્રમણિકા

એકમ ક્રમ	વિષય	પ્રકરણ	પાના નંબર
6	ગુજરાતી	લોહીની સગાઈ	01
3	ગણિત	યામ ભૂમિતિ	08
4	અંગ્રેજી	CALL OF THE HILLS	12
7	વિજ્ઞાન	ગતિ	18
3	સામાજિક વિજ્ઞાન	નૂતન વિશ્વ તરફ પ્રયાણ	24
7	ગુજરાતી	કામ કરે ઈ જીતે	33
4	ગણિત	દ્વિચલ સુરેખ સમીકરણો	37
5	અંગ્રેજી	RANI KI VAAV	41
2	વિજ્ઞાન	આપણી આસપાસમાં દ્રવ્યો શુદ્ધ છે ?	49
10	સામાજિક વિજ્ઞાન	સરકારનાં અંગો	56
8	ગુજરાતી	છાલ, છોતરાં અને ગોટલા	66
14	સામાજિક વિજ્ઞાન	ભારત : સ્થાન, ભૂસ્તરીય રચના અને ભૂપૃષ્ઠ-II	71
9	ગુજરાતી	પુત્રવધૂનું સ્વાગત	80
10	ગુજરાતી	ભારતીય સંસ્કૃતિની સિદ્ધિ	84
6	ગણિત	રેખાઓ અને ખૂણાઓ	89
2	અંગ્રેજી	THE USEFUL PLOUGH	95
8	વિજ્ઞાન	બળ તથા ગતિના નિયમો	97
4	સામાજિક વિજ્ઞાન	ભારતની રાષ્ટ્રીય ચળવળો	109
11	ગુજરાતી	મરજીવિયા	117

6 લોહીની સગાઈ

વિભાગ-A

(અ) જોડકાં યોગ્ય રીતે જોડી ફરીથી લખો :

(અ) કૃતિ	(બ) કર્તા
1. લોહીની સગાઈ	(1) ઈશ્વર પટેલ
	(2) ઈશ્વર પેટલીકર

(અ) પાત્ર	(બ) ઉક્તિ
1. કમુ	(1) 'જે એની ચાકરી કરતું હશે તેને પણ રાજી કરીશું.'
	(2) 'તું કંઈ કાયમ બેસી રહેવાની નથી.'

(બ) ખાલીજગ્યા પૂરો :

3. અમરતકાકી ..... ની નાતમાં વટલાઈ ગયાં (મંગુ, કુસુમ)
4. 'લોહીની સગાઈ' કૃતિમાં ..... ની પરાકાષ્ઠા દર્શાવી છે. (જીવનદયા, માતૃપ્રેમ)
5. મંગુ સિવાય અમરતકાકીને ..... સંતાન હતાં. (ત્રણ, ચાર)
6. 'લોહીની સગાઈ' કૃતિનો સાહિત્યપ્રકાર ..... છે. (નવલકથા, ટૂંકીવાર્તા)

(ક) એક વાક્યમાં ઉત્તર લખો :

7. અમરતકાકી દવાખાનાને શેની ઉપમા આપતાં હતાં ?

.....

8. કયો મહિનો અમરતકાકીનો આરાધ્યદેવ બની ગયો હતો ?

.....

9. વહુઓ મંગુની ચાકરી નહિ કરે તેવું અમરતકાકીને કેમ લાગતું હતું ?

.....

10. અમરતકાકીનું સમગ્ર માતૃત્વ કોના ઉપર અભિષેક કરતું હતું ?

.....

(ડ) બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો :

11. અમરતકાકી મંગુને દવાખાને મોકલવા શા માટે તૈયાર ન હતાં ?

.....

.....

.....

12. અમરતકાકીએ દવાખાનામાં મંગુ માટે કઈ કઈ ભલામણો કરી ?

.....

.....

.....

13. ગામલોકો અમરતકાકીની પ્રશંસા કઈ રીતે કરતા ?

.....

.....

.....

(ઈ) સાત-આઠ લીટીમાં ઉત્તર લખો :

14. 'મમતામયી મા' તરીકે અમરતકાકીને મૂલવો.

.....

.....

.....

.....

.....

.....

.....

15. 'લોહીની સગાઈ' વાર્તાનું હાર્દ તમારા શબ્દોમાં વર્ણવો.

.....

.....

.....

.....

.....

.....

.....

.....

.....

વિભાગ C : વ્યાકરણ વિભાગ

● **નીચેના પ્રશ્નોના આપેલ વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરીને ઉત્તર લખો.**

16. નીચેના શબ્દોની સાચી જોડણી શોધીને લખો :

(1) અભીશેક, અભિસેક, અભીષેક, અભિષેક .....

(2) પારિચારીકા, પારિચારિકા, પરિચારીકા, પરીચારિકા .....

17. સંધિ છોડો :

(1) શ્રદ્ધા (શ્રધ + દા, શ્રધ + ધા, શ્રત્ +ધા) .....

(2) બ્રહ્માંડ (બ્રહ્મ્ + અંડ, બ્રહ્મા + અંડ, બ્ર + હ્માંડ) .....

18. સંજ્ઞાના પ્રકાર ઓળખાવો :

(1) માગશર (વ્યક્તિવાચકસંજ્ઞા, જાતિવાચકસંજ્ઞા, ભાવવાચકસંજ્ઞા) .....

(2) પરિચારિકા (જાતિવાચકસંજ્ઞા, સમૂહવાચકસંજ્ઞા, ભાવવાચકસંજ્ઞા) .....

(3) લાગણી (વ્યક્તિવાચકસંજ્ઞા, દ્રવ્યવાચકસંજ્ઞા, ભાવવાચકસંજ્ઞા) .....

19. સમાનાર્થી શબ્દ કૌંસમાંથી શોધીને લખો :

(1) લોહી (શોણિત, શોભિત, પાણી) .....

(2) ઉપચાર (મદદ, સારવાર, ઉપાય) .....

(3) ચાકરી (સેવા, નોકરી, કામગીરી) .....

20. નીચેના શબ્દોમાં કયો પ્રત્યય રહેલો છે તે જણાવો :

(1) કજાત (પૂર્વપ્રત્યય, પરપ્રત્યય, એકપણ પ્રત્યય નહિ) .....

(2) અબુધ (પૂર્વપ્રત્યય, પરપ્રત્યય, એકપણ પ્રત્યય નહિ) .....

21. નીચેના શબ્દોનાં લિંગ ઓળખાવો :

(1) ઢોર (સ્ત્રીલિંગ, પુલ્લિંગ, નપુંસકલિંગ) .....

(2) આંખ (સ્ત્રીલિંગ, પુલ્લિંગ, નપુંસકલિંગ) .....

(3) દવાખાનું (સ્ત્રીલિંગ, પુલ્લિંગ, નપુંસકલિંગ) .....

(4) ટેવ (સ્ત્રીલિંગ, પુલ્લિંગ, નપુંસકલિંગ) .....

22. નીચેનાં વાક્યોમાંના અલંકાર ઓળખાવો :

(1) માગશર મહિનો અમરતકાકી માટે આરાધ્યદેવ બની ગયો. .....

(રૂપક, ઉપમા, ઉત્પ્રેક્ષા)

(2) દવાખાનામાં મૂકશો એટલે મહિના-દાડામાં લાકડા જેવી થઈ જશે. .....

(ઉત્પ્રેક્ષા, ઉપમા, રૂપક)

(3) મંગુ જાણે ડાહ્યાની માફક વર્તન કરવા લાગી. .....

(ઉપમા, રૂપક, ઉત્પ્રેક્ષા)

23. નીચેના શબ્દોનો સાચો સમાસ પ્રકાર ઓળખાવો :

(1) ભૂખીતરસી (દ્વન્દ્વ, તત્પુરુષ, ઉપપદ) .....

(2) કન્યાવિદ્યાલય (તત્પુરુષ, દ્વન્દ્વ, ઉપપદ) .....

24. નીચેનાં વાક્યોમાંથી વિશેષણ શોધો :

(1) અબુધ દીકરીનું દુનિયામાં કોઈ નથી ? .....

(2) ખોડા ઢોરને પાંજરાપોળમાં મૂકી આવવા જેવું કહેવાય .....

25. નીચેના વાક્યમાંથી સર્વનામ શોધો :

(1) હું મંગુને જીવતાં સુધી સારી રીતે પાળીશ. .....

(2) તું કાંઈ કાયમ બેસી રહેવાની નથી. .....

26. તળપદા શબ્દોનાં શિષ્ટરૂપ આપો :

(1) ખોડું .....

(2) બોન .....

(3) ભણી .....

(4) કરમ .....

(5) છોડી .....

27. નીચે આપેલા શબ્દોના વિરોધી શબ્દ લખો :

(1) વિધવા × .....

(2) પ્રત્યક્ષ × .....

(3) મૂંગું × .....

28. નીચેના વાક્યોનો કાળ ઓળખાવો :

(1) ગામની એક દીકરી કુસુમ ગાંડી થઈ ગઈ. .....

(2) અમરતકાકી ડૂસકું ભરતાં બોલ્યાં .....

(3) આવતા માગશર મહિને મંગુની દશા બદલાય છે. .....

29. નીચે આપેલ રૂઢિપ્રયોગના અર્થ લખો :

(1) પારાયણ કરવું .....

(2) હરખપદુડાં થઈ જવું .....

(3) પનારે પડવું .....

(4) સમસમી જવું .....

(5) હૈયું કકળી ઊઠવું .....

30. નીચે આપેલ કહેવતનો અર્થ લખો :

(1) પારકી મા જ કાન વીંધે.

.....

31. શબ્દસમૂહ માટે એક શબ્દ આપો :

(1) અશક્ત ઢોરને રાખવાનું સ્થાન. .....

(2) મૃત્યુ પામેલા નજીકના સગાની પોક મૂકવી તે. .....

(3) સાંજનું જમણ .....

(4) ખાટલાની બંને તરફનો ઊભો દાંડો .....

32. નીચેનાં વાક્યનું નિષેધ વાક્યમાં રૂપાંતર કરો :

(1) શું હું થાકી છું ? .....

(2) વહુઓ સમસમી જતી. .....

33. નીચેનાં વાક્યોમાંથી સાદુ, સંયુક્ત કે સંકુલ વાક્ય ઓળખાવો :

(1) રજાઓમાં દીકરાઓ અવારનવાર ઘેર આવતા ત્યારે એમનું ઘર બાળ પૌત્ર-પૌત્રીઓથી ખિલિખલાટ હસી ઊઠતું છતાં દાદીમા તરીકે અમરતકાકી હરખપદુડાં થઈ જતાં નહિ.

.....

(2) મંગુને દવાખાને મોકલવી એટલે જાણે મૂંગા ઢોરને પાંજરાપોળ મોકલવું.

.....

34. નીચે આપેલા શબ્દોના ધ્વનિઘટકો છૂટા પાડી સ્વર-વ્યંજન ઓળખાવો :

(1) માતૃત્વ .....

(2) બ્રહ્માંડ .....

(3) પરિચારિકા .....

(4) દવાખાનું .....

35. નીચેના વાક્યમાંથી રવાનુકારી શબ્દ શોધીને લખો :

(1) એમનું ઘર બાળ પૌત્ર-પૌત્રીઓથી ખિલખિલાટ હસી ઊઠતું. .....

વિભાગ D : લેખન વિભાગ

- **ગદ્યાર્થગ્રહણ :**

નીચે આપેલો ગદ્યખંડ વાંચી આપેલા પ્રશ્નોના જવાબ લખો :

સમયની મૂડી તો દરેક પાસે સરખી જ હોય છે, પણ તેને ખર્ચવામાં તફાવત હોય છે. એક વ્યક્તિ તેને કરકસરથી યોજનાપૂર્વક વ્યવસ્થિત રીતે ખર્ચે છે. જ્યારે બીજી વ્યક્તિ તેને આડેધડ અને અવિચારીપણે વેડફી નાખે છે. પરિણામે એકને સંતોષ અને સફળતા મળે છે. બીજાને થાક અને નિષ્ફળતા. જે વ્યક્તિને પોતાનો સમય વાપરતાં આવડતું નથી, તેને કશું જ વાપરતાં આવડતું નથી. એટલે જે માનવ પોતાના સમયની વધુમાં વધુ બચત કરી શકે તેની પાસે વધુમાં વધુ સમય જમા થઈ શકે અને જેની પાસે સમય જમા થાય તેની પાસે શક્તિ પણ જમા થાય. સમય અને શક્તિ ભેગેં થાય એ પછી શું ન કરી શકે ? એ ધારે તે કરી શકે.

- મોહમ્મદ માંકડ

પ્રશ્નો :

36. કઈ વ્યક્તિને સંતોષ અને સફળતા મળે છે ?

.....

.....

.....

.....

37. થાક અને નિષ્ફળતાનો અનુભવ કોને થાય છે ?

.....

.....

.....

.....

38. કઈ વ્યક્તિ પાસે સમય અને શક્તિ જમા થાય છે ?

.....

.....

.....

.....

39. ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

.....

.....

.....

.....

3 યામ ભૂમિતિ

વિભાગ - A

- **નીચેના પ્રશ્નોના એક શબ્દ/વાક્યમાં ઉત્તર આપો. (દરેકનો 1 ગુણ)**

(1) યામ સમતલમાં કોઈ પણ બિંદુ દર્શાવવા સમક્ષિતિજ અને શિરોલંબ રેખાઓના નામ શું છે ?

.....

(2) આ બે રેખાઓથી બનતા સમતલના દરેક ભાગનું નામ શું છે ?

.....

(3) આ બે રેખાઓ જ્યાં છેદે તે બિંદુનું નામ લખો.

.....

- **યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ આપો. (દરેકનો 1 ગુણ)**

(4) કયા દેશનાં ગણિતશાસ્ત્રીએ યામભૂમિતિની નામની શાખા વિકસાવી ?

(a) ગ્રીક (b) ભારત (c) ફ્રેન્ચ (d) ઈંગ્લેન્ડ

(5) યામ ભૂમિતિની શાખા વિકસાવનાર ગણિતશાસ્ત્રી કોણ હતા ?

(a) રેને 'દ' કાર્તે (b) પાઈથાગોરસ (c) થેલ્સ (d) આર્ય ભટ્ટ

(6) બે છેદતી ..... રેખાઓથી યામ સમતલ રચાય છે.

(a) પરસ્પર લંબ (b) સમાંતર (c) એક જ (d) ત્રણેય વિકલ્પો સાચા છે

(7) ઋણ પૂર્ણાંકો સંખ્યારેખા પર શૂન્યની ..... બાજુએ આવેલા હોય છે.

(a) ડાબી (b) જમણી (c) ઉપરની (d) નીચેની

(8) ધન પૂર્ણાંકો સંખ્યારેખા પર શૂન્યની ..... બાજુએ આવેલા હોય છે.

(a) ઉપરની (b) નીચેની (c) ડાબી (d) જમણી

(9) સંખ્યારેખા પરની બે સંખ્યાઓ પૈકીની મોટી સંખ્યા ..... બાજુએ હોય છે.

(a) જમણી (b) ડાબી (c) નીચેની (d) ઉપરની

(10) ઉગમબિંદુના યામ ..... છે.

(a) (0, 0) (b) (1, 1) (c) (–1, –1) (d) (0, 1)

(11) સમતલમાં ઉગમબિંદુ O (0, 0) એ ..... છે.

(a) માત્ર x-અક્ષ પર (b) માત્ર y-અક્ષ પર

(c) પ્રથમ ચરણમાં (d) x-અક્ષ અને y-અક્ષ બંને પર

(12) કાર્તેઝિય યામ પદ્ધતિમાં લંબ યામાક્ષો સમતલને ..... ભાગમાં વહેંચે છે.

(a) 1 (b) 2 (c) 3 (d) 4

- **નીચેની ખાલી જગ્યા પૂરો. (દરેકનો 1 ગુણ)**

(13) બિંદુ P (4, 3) નું y-અક્ષથી લંબઅંતર ..... છે.

(14) બિંદુ A (–4, –5) નું x-અક્ષથી લંબઅંતર ..... છે.

(15) કોઈ બિંદુનો X-યામ ધન અને Y- યામ ઋણ હોય તો તે બિંદુ ચરણમાં ..... આવેલું છે.

(16) બિંદુ (–4, –8) ..... ચરણમાં આવેલું છે.

- **નીચેના વિધાનો સાચાં છે કે ખોટાં જણાવો. (દરેકનો 1 ગુણ)**

(17) બંને અક્ષોનાં છેદબિંદુને ઉગમબિંદુ કહે છે. ☐


(18) x- અક્ષ પરનાં બિંદુનો x-યામ શૂન્ય હોય છે. ☐

(19) બિંદુ (–5, 8) નું y - અક્ષને સાપેક્ષ પ્રતિબિંબ (–5, –8) છે. ☐

વિભાગ - B

- **નીચે આપેલા પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર લખો. (દરેકના 2 ગુણ)**

(20) આકૃતિ જુઓ અને માગ્યા પ્રમાણે જવાબ લખો :



(i) બિંદુ B ના યામ જણાવો. .....

(ii) બિંદુ C ના યામ જણાવો. .....

(iii) (–3, –5) દ્વારા દર્શાવાતું બિંદુ લખો. .....

(iv) (2, –4) દ્વારા દર્શાવાતું બિંદુ લખો. .....

(v) બિંદુ D નો x-યામ જણાવો. .....

(vi) બિંદુ H નો y-યામ જણાવો. .....

(vii) બિંદુ L ના યામ જણાવો. .....

(vii) બિંદુ M ના યામ જણાવો. .....

વિભાગ - C

- **નીચે આપેલા પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર લખો. (પ્રત્યેકના 3 ગુણ)**

(21) કયા ચરણમાં અથવા કયા અક્ષ પર (–2, 4), (3, –1), (–1, 0), (1, 2), (0, 3) અને (–3, –5) બિંદુઓ છે?

(22) નીચેના વિભાગ-અમાં બિંદુઓ અને વિભાગ-બમાં યામ-સમતલમાં બિંદુના સ્થાન આપેલ છે તો યોગ્ય જોડકાં જોડો.

વિભાગ - અ	વિભાગ - બ
(i) (–3, 5)	(a) X-અક્ષની ઉપરની તરફ અને Y-અક્ષની જમણી બાજુ
(ii) (–3, –5)	(b) X-અક્ષની ઉપરની તરફ અને Y-અક્ષની ડાબી બાજુ
(iii) (3, –5)	(c) X-અક્ષની નીચેની તરફ અને Y-અક્ષની ડાબી બાજુ
(iv) (3, 5)	(d) X-અક્ષની નીચેની તરફ અને Y-અક્ષની જમણી બાજુ
(v) (0, –3)	(e) કિરણ OX' પર
(vi) (–3, 0)	(e) કિરણ OY' પર

જવાબો :

(20) (i) (–5, 2) (ii) (5, –5) (iii) E (iv) G
(v) 6 (vi) –3 (vii) (0, 5) (viii) (–3, 0)

(21) (–2, 4) - દ્વિતીય ચરણ, (3, –1) ચતુર્થ ચરણ, (–1, 0) ઋણ X-અક્ષ ઉપર,
(1, 2) - પ્રથમ ચરણ, (0, 3) ધન Y-અક્ષ ઉપર, (–3, –5) તૃતીય ચરણ

(22) i – b, i – c, iii – d, iv – a, v – f, vi – e

4 CALL OF THE HILLS

Section A EN705, EN804

● **Read the extracts and answer the questions given below :**

After some days Abbu Miyan bought another goat. This new one was pretty, as white as snow, had two little horns and a pair of lovely bright red eyes. "I will call you Chandani," caressing her soft fur he said.

1. Which animal did Abbu Miyan buy?

⇒ _____

2. Describe the goat bought by Abbu Miyan.

⇒ _____

One fine morning his neighbour Govinda appeared. He saw Miyan talking to his only family member. "Hey Abbu Chacha, you look happy and healthy. How's life now?" "I am the happiest person, Govinda! Chandani has brought new life to me."

3. What did Govinda see in the morning?

⇒ _____

4. To whom was Abbu Miyan talking?

⇒ _____

5. Why is Abbu Miyan the happiest person?

⇒ _____

When Chandani reached the hilltop, the big yellow sun was rising in the horizon. She was overflowing with joy and wonder. The green grass under her feet became golden yellow. The wind sang an endless song of welcome.

6. Where did Chandani see the big yellow sun?

⇒ _____

7. Find the similar meaning to 'happiness'.

⇒ _____

8. In which colour did the green grass turn to? (Yellow, golden, green)

⇒ _____

● **Use the set of words in your sentence meaningfully :**

9. Attraction - hill

⇒ _____

10. Full moon - distant sky

⇒ _____

11. The sun - horizon - evening

⇒ _____

Section B

- **Write who said to whom for the following sentences :**

12. "Why are you sitting alone today?"

⇒ _____

13. "Chandani has brought new life to me."

⇒ _____

14. "I have never seen such a brave freedom fighter !"

⇒ _____

15. "How beautiful these hills are !"

⇒ _____

- **Fill in the blanks choosing the correct words given in the bracket :**

16. [delighted, accompany]

Govinda said, "Abbu Chacha, I am _____ to see you like this. I am sure Chandani will _____ you till your last breath."

- **Read the passage and answer the questions : EN716, EN813**

One day a lady saw a mouse running across her kitchen floor. She was very afraid of mice, so she ran out of the house, got into a bus and went to a shop. She bought a mousetrap. The shopkeeper said to her, "put some cheese in it and you will soon catch that mouse." The lady went home with her mousetrap but when she looked in her cupboard she could not find any cheese in it. She did not want to go back to the shop because it was very late. So she cut a picture of cheese out of a magazine and put that in the trap. Surprisingly, the picture of the cheese was quite successful! When the lady came down to the kitchen the next morning, there was a picture of a mouse in the trap beside the picture of the cheese.

17. How did the lady go to the shop?

⇒ _____

18. What did the shopkeeper advise?

⇒ _____

19. The lady cut the picture of cheese. True or false?

⇒ _____

20. Which word in the passage is opposite of 'lose'?

⇒ _____

● **Read the dialogue and answer the questions :**

Arsh : Hi. What are you doing in the evening?

Riyan : I'm going to visit a library.

Arsh : Where were you yesterday?

Riyan : I was playing Kabaddi at the school playground.

Arsh : When did you return home?

Riyan : I think at 6:00 pm.

Arsh : Now, tell me, when will you come to my home?

Riyan : I think, once the exam is over, I will surely come.

21. What is Riyan doing in the evening?

⇒ _____

22. Where was Riyan playing kabaddi?

⇒ _____

23. Riyan will visit Arsh _____ [complete the sentences] .

⇒ _____

● **Complete the dialogue using the expression given in the brackets :**

24. [From Monday, Absolutely, It's very nice of you]

Vicky : Hello! Mayur, I hope you are fine.

Mayur : _____

Vicky : When will our school reopen?

Mayur : _____

● **Match the expression with the proper functions they convey :**

Part-A	Part-B
25. Rushil is as handsome as Lalu.	A. Expressing condition
26. Please, lend me some money.	B. Making a request
	C. Comparing

Ans : (25. _____ , 26. _____)

● **Select and write the proper question to get the underlined part as its answer :**

27. Mihir went to <u>school</u> at 9:00 a.m.

(a) Who went to school at 9:00 a.m.?

(b) Where did Mihir go at 9:00 a.m.?

(c) When did Mihir go to school?

(d) What did Mihir do in the office?

28. Kirit was reading <u>a novel</u>.

(a) Who was reading a novel?

(b) What was Kirit reading?

(c) Why was Kirit reading a novel?

(d) When was Kirit reading a novel?

29.

Home Loan Certificate

THE BANK OF JAMNAGAR **EN722**

HEAD OFFICE : M.NO. 9898098980

Acc-Holder : Mr. A. S. Jani

Address : JAMNAGAR

Mobile : 9803600000

Total Principal Amount : 3,36,000/-

Total Interest paid : 1,96,000/-

(a) What is this data about ?

Ans : _____

(b) Name the account holder.

Ans : _____

(c) From which bank has Mr. Jani taken loan ?

Ans : _____

(d) Where does Mr. Jani live ?

Ans : _____

● **Change the text as shown below them :**

30. Grishma is a beautiful girl. She goes to school. She does all the work herself. She cooks delicious food.

Start like this : Grishma was a beautiful girl. .....

⇒ _____

_____

_____

● **Join the following sentences with the proper conjunctions : EN824**

31. Don't go near the snake _____ it will bite you. (otherwise, so, because)

⇒ _____

32. The goat ran very fast _____ it couldn't save itself from the lion. (so, therefore, but)

⇒ _____

33. We didn't do homework _____ we were absent yesterday. (because, but, so)

⇒ _____

34. **Draft an e-mail in about 30 words on behalf of Krish Patel to his friend Mohit Parmar on mohit123@gmail.com about his visit to the Kankariya zoo.**

⇒ _____

_____

_____

_____

_____

_____

_____

_____

35. **Write a paragraph on your favourite Petanimal Dog**

Points : Domestice animal - protects home - four legged, tail, straight ears - sharp teeth - smelling and hearing ability - catch thieves - I love him

⇒ _____

_____


_____

_____

_____

_____

36. **Describe the picture in about ten sentences : EN730, EN827**



⇒

7 ગતિ

વિભાગ : A

◆ ખાલી જગ્યા પૂરો.

1. એક પદાર્થ r ત્રિજ્યા વાળા વર્તુળ આકાર પથ પર ગતિ કરે છે, તો આ પદાર્થ દ્વારા એક પૂર્ણ પરિક્રમણને અંતે થયેલું સ્થાનાંતર ..... થાય.
2. ઝડપ..... રાશિ છે.
3. વેગ ..... રાશિ છે.
4. પ્રવેગનો SI એકમ ..... છે.
5. વેગ → સમયના આલેખનો ઢાળ ..... નું મૂલ્ય આપે છે.

◆ નીચેના પ્રશ્નો એક વાક્યમાં કે એક શબ્દમાં ઉત્તર આપો.

6. વાહનમાં આપવામાં આવેલું ઓડોમીટર શેનું માપન કરે છે?

.....

7. 72km/hની અચળ ઝડપે ગતિ કરતા વાહનની ઝડપ m/sના એકમમાં દર્શાવો.

.....

.....

8. એક ટ્રક 60 km/h ના અચળ વેગથી ગતિ કરે છે. તો તે 1 મિનિટમાં કેટલું અંતર કાપશે?

.....

.....

.....

9. એક સ્થિર પદાર્થ ગતિ કરવાની શરૂઆત કરે છે ત્યારે સ્થાનાંતર સમયના વર્ગના સમપ્રમાણમાં હોય તો તે પદાર્થની ગતિ કેવી હશે?

.....

.....

.....

10. વાહનોમાં આવતુ સ્પીડોમીટર કઈ ભૌતિક રાશિનું માપન દર્શાવે છે?


.....

11. અંતર → સમયના આલેખનો ઢાળ શેનું મૂલ્ય આપે છે?

.....

12. નીચે આપેલી આકૃતિમાં કયા વાહનની ગતિ પ્રવેગી છે અને કયા વાહનની ગતિ પ્રતિપ્રવેગી છે?

.....



◆ **નીચેના વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો.**

13. નિયમિત વર્તુળમયગતિ કરતા પદાર્થના પ્રવેગની દિશા વર્તુળ ના કેન્દ્ર તરફ હોય છે.' ☐

14. 'પ્રતિપ્રવેગ નો SI એકમ km/h છે. ☐

15. પદાર્થે કરેલ સ્થાનાંતર શૂન્ય હોઈ શકે. ☐

◆ **આપેલા દરેક પ્રશ્નો માટે તેની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી જવાબ આપો.**

16. કોઈ દોડવીર 100 mના પરિઘવાળા વર્તુળાકાર પથ પર એક ચક્કર પૂર્ણ કરે ત્યારે તેણે કેટલું સ્થાનાંતર કર્યું કહેવાય ? ☐

(a) 200 m (b) 50 m

(c) 100 m (d) શૂન્ય

17. વેગ → સમયના આલેખનો ઢાળ ..... નું મૂલ્ય આપે છે. ☐

(a) અંતર (b) સ્થાનાંતર

(c) પ્રવેગ (d) ઝડપ

18. આકૃતિમાં દર્શાવ્યા મુજબ અર્ધવર્તુળાકાર પથ ઉપર એક ચક્કર પૂર્ણ કરતા કાપેલું અંતર ..... થાય.



(a) $2\pi r$ (b) πr

(c) $\pi r + 2r$ (d) $2\pi r + r$

19. મીના 75 mલંબાઈના એક સ્વિમીંગ પુલમાં તરે છે, તે સ્વિમીંગ પુલના એક છેડેથી બીજા છેડા સુધી તરે અને ત્યાંથી તે જ માર્ગે પાછી ફરે છે. આ 150 mનું કુલ અંતર કાપતાં તેણે 1 મિનિટનો સમય લીધો છે તો મીનાનો સરેરાશ વેગ કેટલો થાય? ☐

(a) 2.5 ms^{-1} (b) 1 ms^{-1}

(c) 150 ms^{-1} (d) 0 ms^{-1}

20. અચળ વેગથી ગતિ કરતા પદાર્થનો પ્રવેગ ..... થાય.

(a) ધન (b) ઋણ

(c) શૂન્ય (d) ધન અથવા ઋણ હોઈ શકે.

21. નીચેના પૈકી કઈ સદિશ રાશિ નથી?

(a) વેગ (b) ઝડપ

(c) પ્રવેગ (d) સ્થાનાંતર

વિભાગ : B

◆ **નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર આપો.**

22. તફાવત આપોઃ- નિયમિત ગતિ - અનિયમિત ગતિ

.....

.....

.....

.....

23. મહેશભાઈ બહારગામ જવા માટે કારમાં બેસે છે ત્યારે કારનું ઓડોમીટર 1800 km નું અવલોકન બતાવે છે નિયત સ્થાને પહોંચ્યા બાદ ઓડોમીટર 2100 km દર્શાવે છે જો આ માટે 6 કલાક જેટલો સમય લાગ્યો હોય તો કારની સરેરાશ ઝડપ શોધો.

.....


.....

.....

.....

24. નીચે દર્શાવેલ અંતર → સમયના આલેખ કેવી ગતિ દર્શાવે છે જણાવો.

(a) અંતર



(b) અંતર



(c) અંતર



.....

.....

.....

.....

.....

25. નિયમિત વર્તુળમય ગતિ એટલે શું ? તેના બે ઉદાહરણ આપો.

.....

.....

.....

.....

.....

26. નીચે આપેલ ઝડપના મૂલ્યોને ચડતા ક્રમમાં ગોઠવો.

1. 20 m/s 2. 200 m/min 3. 36 km/h 4. 25 km/min

.....

.....

.....

.....

.....

27. એક દડો શિરોલંબ દિશામાં ફેંકતા મહત્તમ ઊંચાઈ પ્રાપ્ત કરીને ત્યાંથી પાછો આવે છે તો તેની ગતિ માટે વેગ → સમયનો આલેખ દર્શાવો.

.....

.....

.....

.....

.....

.....

28. વેગ અને પ્રવેગનો તફાવત લખો.

વિભાગ : C

◆ **નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર આપો.**

28. નીચે આપેલ પરિસ્થિતિ શક્ય છે કે નહીં તે જણાવી ઉદાહરણ સાથે તમારો જવાબ આપો

a. કોઈ પદાર્થ કે જેનો પ્રવેગ અચળ પણ વેગ શૂન્ય હોય

b કોઈ પદાર્થ કે જે નિશ્ચિત દિશામાં ગતિ કરતો હોય તથા તેનો પ્રવેગ લંબ દિશામાં હોય.

.....

.....

.....

.....

29. એક મોટર કાર અચળ પ્રવેગથી 10 s માં સ્થિર સ્થિતિમાંથી 72km/hનો વેગ પ્રાપ્ત કરે છે તો

a પ્રવેગ

.....

.....

b. આ સમયમાં કાપેલ અંતર અને

.....

.....

c. સરેરાશ વેગ શોધો.

.....

.....

30. વેગ→સમયના આલેખનાં ઉપયોગો જણાવો તથા આલેખ અને સમયની અક્ષ દ્વારા ઘેરાયેલા વિસ્તારનું માપ કઈ ભૌતિક રાશિનું મૂલ્ય આપે છે તે સમજાવો.

.....

.....

.....

.....

31. એક વૃક્ષની બાજુમાં વ્યક્તિને એ વૃક્ષ સ્થિર લાગે છે. જ્યારે ત્યાંથી પસાર થતી ટ્રેનમાં બેઠેલા મુસાફરોને એ વૃક્ષ ગતિમાં લાગે છે - કારણ આપો.

.....


.....

.....

વિભાગ : D

◆ **નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર આપો.**

31. આકૃતિમાં એક કારની ગતિ માટે આપેલ ઝડપ → સમયના આલેખ પરથી નીચેના પ્રશ્નોના જવાબ આપો.



a. કારની પ્રારંભિક ઝડપ કેટલી હશે?

b. કારની મહત્તમ ઝડપ કેટલી હશે?

c. આલેખમાં કયા બિંદુથી કયા બિંદુ સુધી શૂન્ય પ્રવેગ દર્શાવે છે?

d. પ્રથમ 8 કલાકમાં કાપેલ અંતર શોધો.

.....

.....

.....

.....

3 નૂતન વિશ્વ તરફ પ્રયાણ

પ્રશ્ન-1 'અ' વિભાગની વિગતોને 'બ' વિભાગની વિગતો સાથે યોગ્ય રીતે જોડી ખાલી જગ્યામાં લખો :

(1)

(A)	ઉત્તર	(B)
1. ફાસેજે	1 _____	(A) જાપાન
2. ફ્યુહરર	2 _____	(B) પેરિસ
3. મંચુકો સરકાર	3 _____	(C) અમેરિકા
4. વર્સેલ્સ	4 _____	(D) પોલેન્ડ
5. વૉલસ્ટ્રીટ સંકટ	5 _____	(E) ઈટાલી
		(F) જર્મની

(2)

(A)	ઉત્તર	(B)
1. પર્લહાર્બર	1 _____	(A) રૂઝવેલ્ટ-ચર્ચિલ
2. સામ્યવાદી શાસન	2 _____	(B) માઓ-ત્સે-તુંગ
3. ઍટલેન્ટિક ખતપત્ર	3 _____	(C) આર્થિક-સામાજિક સમિતિ
4. આંતરરાષ્ટ્રીય અદાલત	4 _____	(D) હેગ
5. ઈકોસોક (Ecosoc)	5 _____	(E) અમેરિકન નૌકાદળ
		(F) ન્યૂયોર્ક

પ્રશ્ન-2 નીચે આપેલા વિધાનો વાંચી ખરા વિધાન સામે (✓) અને ખોટા વિધાન સામે (✗) નિશાની કરો.

1. મુસોલિનીએ ઈટાલીમાં નાઝીપક્ષની સ્થાપના કરી અને તેનું પ્રતિક 'લાકડાની ભારી અને કુહાડી' રાખી. ☐
2. હિટલરે યહુદીઓ, જિપ્સીઓ અને માનસિક અસ્થિર વ્યક્તિઓના નાશ માટે મોટા પાયે હોલોકાસ્ટ આદર્યુ. ☐
3. પ્રથમ વિશ્વયુદ્ધ પછી 1919ની વર્સેલ્સની સંધિમાં ઈંગ્લેન્ડ અને ફ્રાન્સે પોતાના ઘણા પ્રદેશો જાપાનને સોંપી દીધા. ☐
4. ઈટાલીએ જર્મની અને જાપાન સાથે મળીને 'રોમ-બર્લિન-ટોકિયો' ધરીની રચના કરી. ☐
5. જર્મનીનું 2 ઑક્ટોબર, 1939ની વહેલી પરોઢે પોલેન્ડ પર આક્રમણ, તે દ્વિતીય વિશ્વયુદ્ધનું તાત્કાલિક કારણ બન્યું. ☐
6. પર્લહાર્બરની ઘટનાને કારણે તટસ્થ રહેલું અમેરિકા મિત્ર રાષ્ટ્રોનાં પક્ષે દ્વિતીય વિશ્વયુદ્ધમાં જોડાયું. ☐

7. દ્વિતીય વિશ્વયુદ્ધમાં જાપાનની હાર થતા ચીન પર તેનો પ્રભાવ ઓસરી ગયો અને માઓ-ત્સે-તુંગનાં નેતૃત્વ હેઠળ રશિયામાં 1949માં સામ્યવાદી શાસનનો પાયો નખાયો. ☐

8. દર વર્ષે 24મી ઑક્ટોબરે સંયુક્ત રાષ્ટ્ર દિવસની ઉજવણી કરવામાં આવે છે. ☐

9. આંતરરાષ્ટ્રીય ખાદ્ય અને કૃષિ સંગઠન વિશ્વમાં ધર્મ, જાતિ કે પ્રદેશનાં ભેદભાવ વગર વિશ્વની પ્રજાઓનું જીવનધોરણ ઊંચું લાવવાનાં પ્રયત્નો કરે છે. ☐

10. વાલી સમિતિમાં સાત કાયમી સભ્ય રાષ્ટ્રો હોય છે. ☐

પ્રશ્ન-૩ કૌંસમાં આપેલ વિકલ્પમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો :

1. એડોલ્ફ હિટલરે ..... ની સંધિને કાગળનું ચીંથરું કહીને ફગાવી દીધી. (પેરિસ, વર્સેલ્સ, મંચુરિયા)

2. સાથે આપેલ આકૃતિ મુજબ સંયુક્ત રાષ્ટ્રની કાયમી સમિતિમાં ..... રાષ્ટ્રે સૌથી વધુ વખત વીટો પાવરનો ઉપયોગ કર્યો છે. (સોવિયત સંઘ, અમેરિકા, ફ્રાન્સ)



3. જર્મનીનાં રાષ્ટ્રપતિ ..... હતા. તેઓનું અવસાન થતા હિટલરે પોતે તે પદ ધારણ કર્યું.
(હિન્ડેનબર્ગ, ફ્યુહરર, મુસોલિની)

4. ઈંગ્લેન્ડ અને ફ્રાન્સે 'રૉમ-બર્લિન-ટોકીયો' ધરી સામે ..... મૂલ્યોવાળુ એક જૂથ રચ્યું.
(લોકશાહી, સામંતવાદી, સરમુખત્યારશાહી)

5. રહાઈન નદી ..... દેશમાં આવેલી છે. (ફ્રાંસ, જર્મની, ઈટાલી)

6. અમેરિકાએ ..... ના રોજ જાપાનનાં નાગાસાકી પર અણુબોંબ ફેંકતા જાપાને શરણાગતિ સ્વીકારવી પડી. (6 ઓગસ્ટ 1945, 9 મી ઓગસ્ટ 1945, 11 મી ઓગસ્ટ 1945)

7. હું ..... શહેરમાં આવેલ કાર્યાલય છું, જ્યાં સંયુક્ત રાષ્ટ્રોનું સચિવાલય બેસે છે.
(ન્યુયૉર્ક, હેગ, જીનીવા)

8. બાળ કલ્યાણની પ્રવૃત્તિ કરતી ..... સંસ્થા સંયુક્ત રાષ્ટ્રની આર્થિક-સામાજિક સમિતિમાં સમાહિત છે.
(UNESCO, UNDP, UNICEF)

પ્રશ્ન-4 આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી પ્રશ્ન સામે આપેલ ☐ માં લખો :

1. નીચેમાંથી યોગ્ય જોડકું પસંદ કરો. ☐

(A) ઈટાલી-ફાસીવાદ, જર્મની-સામ્યવાદ, ચીન-સામ્યવાદ, જાપાન-લોકશાહીવાદ

(B) ઈટાલી-લશ્કરવાદ, જર્મની-ફાસીવાદ, ચીન-સામ્યવાદ, જાપાન-નાઝીવાદ

(C) ઈટાલી-ફાંસીવાદ, જર્મની-નાઝીવાદ, ચીન-સામ્યવાદ, જાપાન-લશ્કરવાદ

(D) ઈટાલી-ફાંસીવાદ, જર્મની-નાઝીવાદ, ચીન-સામ્યવાદ, જાપાન-સરમુખ્યત્યારશાહી

2. હિટલરને જર્મન પ્રજા પોતાનાં તારણહાર તરીકે કયા સ્વરૂપે જોતી? ☐

(A) ફ્યુહરર (B) હોલોકાસ્ટર (C) શહેનશાહ (D) ભગવાન

3. પ્રથમ વિશ્વયુદ્ધ બાદ વિશ્વશાંતિ માટે કઈ સંસ્થાની સ્થાપના કરવામાં આવી. ☐

(A) રાષ્ટ્રસંઘ (B) સંયુક્ત રાષ્ટ્ર (C) વર્સેલ્સની સંધિ (D) મ્યુનિક સંમેલન

4. મને ઓળખો : ☐



(A) વિશ્વ આરોગ્ય સંસ્થા

(B) આંતરરાષ્ટ્રીય મજદૂર સંસ્થા

(C) આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળ

(D) આંતરરાષ્ટ્રીય ખાદ્ય અને કૃષિ સંસ્થા

5. આમાંથી હું સંયુક્ત રાષ્ટ્રોની સલામતી સમિતિનો સભ્ય નથી. ☐

(A) ચીન (B) રશિયા (C) ભારત (D) અમેરિકા

6. જો હમાસ અને ઈઝરાયલ સાથેનાં સંઘર્ષમાં શાંતિની સ્થાપના અર્થે સંયુક્ત રાષ્ટ્ર ગાઝાપટ્ટીનાં વિસ્તારને પોતાના હસ્તક રાખી તેનો સામાજિક, આર્થિક, રાજકીય વિકાસ કરવાનું ઠરાવે તો, તેની વ્યવસ્થા સંયુક્ત રાષ્ટ્રની કઈ સમિતિ હસ્તક રહે? ☐

(A) સામાન્ય સભા (B) સલામતી સમિતિ

(C) વાલી સમિતિ (D) આર્થિક સામાજિક સમિતિ

7. જો યુક્રેન અને રશિયા બંને દેશો તેમની વચ્ચેના પ્રશ્નોનાં નિરાકરણ માટે અદાલતી રાહે શાંતિપૂર્ણ માર્ગે આગળ વધવાનું ઠરાવી યુદ્ધ રોકી અદાલતમાં જાય તો તેઓ કઈ અદાલતમાં પોતાનો પ્રશ્ન લઈ જશે? ☐

(A) EU- યુરોપીયન યુનિયન (B) આંતરરાષ્ટ્રીય અદાલત-હેગ

(C) રશિયન - DUMA (D) અમેરિકન સુપ્રિમ કોર્ટ

8. ધરી રાષ્ટ્રો એટલે ..... ☐

(A) અમેરિકા અને રશિયા (B) જર્મની, રશિયા, ફ્રાંસ

(C) જર્મની, ઈટાલી, જાપાન (D) ફ્રાન્સ, ઈંગ્લેન્ડ, જાપાન

9. અમેરિકાનું બીજા વિશ્વયુદ્ધમાં મિત્રરાષ્ટ્રો તરફે જોડાવાનું મુખ્ય કારણ શું બન્યું? ☐

(A) જાપાનનો મંચુરિયા પર હુમલો (B) જર્મનીનો પોલેન્ડ પર હુમલો

(C) ઈટાલીનો ફ્રાંસ પર હુમલો (D) જાપાનનો પર્લહાર્બર પર હુમલો

10. બીજા વિશ્વયુદ્ધમાં મિત્ર રહેલા કયા બે રાષ્ટ્રો પાછળથી પરસ્પર વિરોધી બની ઠંડા યુદ્ધનાં પાત્રો બન્યા? ☐

(A) અમેરિકા-રશિયા (B) ઈંગ્લેન્ડ-ફ્રાન્સ

(C) જર્મની-ઈટાલી (D) ચીન-જાપાન

પ્રશ્ન-5 નીચે આપેલ પ્રશ્નોનાં એક-બે શબ્દમાં જવાબ આપો :

1. મેં જર્મનીનાં ફ્યુહરર તરીકે શાસન કર્યું છે : _____

2. ભારત-પાકિસ્તાન વચ્ચેનો કશ્મીરનો પ્રશ્ન સમાધાન કરવા માટે મારી પાસે લાવવામાં આવ્યો હતો :

_____

3. એટલન્ટિક ખતપત્ર રજૂ કરનારા : _____

4. રશિયામાં થયેલ સામ્યવાદી ક્રાંતિ : _____

5. પ્રથમ અણુબોંબ હુમલો આ શહેર પર કરવામાં આવ્યો : _____

પ્રશ્ન-6 નીચેના પ્રશ્નોનાં ટૂંકમાં જવાબ આપો :

1. એક એવી સંધિ જે પ્રથમ વિશ્વયુદ્ધ પછી ઘણા દેશોમાં અસંતોષ અને અપમાનનું કારણ બની અને તેનાથી બીજા વિશ્વયુદ્ધનાં બીજ રોપાયા તે ક્યાં અને ક્યારે કરવામાં આવી?

_____

_____

2. સંકલ્પના સમજાવો :

(1) ઠંડું યુદ્ધ : _____

_____

_____

(2) WHO : _____

_____

_____

(3) એટલેન્ટિક ખતપત્ર : _____

_____

_____

(4) વૉલસ્ટ્રીટ સંકટ : _____

_____

_____

(5) 'રોમ-બર્લિન-ટોકિયો' ધરી : _____

_____

_____

3. રાષ્ટ્રસંઘની નિષ્ફળતાના કારણો લખો.

_____

_____

4. હિટલરે કઈ સંધિને 'કાગળનું ચીંથરું' કહીને ફગાવી દીધી? કેમ ?

_____

_____

5. UNESCO નું પૂરું નામ લખો.

_____

6. 'વીટો પાવર' વિશે સમજાવો.

_____

_____

પ્રશ્ન-7 નીચેનાં પ્રશ્નોનાં મુદ્દાસર જવાબ આપો :

1. નીચેનાં ચાર્ટમાં જરૂરી ખૂટતી વિગતો સમાચાર માધ્યમો, પુસ્તકાલ અને અન્ય રાહે માહિતી એકત્ર કરી પૂરો.

સંસ્થા	વડુ મથક	વર્તમાન પ્રમુખ	ભારતમાં કાર્યાલય/અધિકારી
સંયુક્ત રાષ્ટ્ર સામાન્ય સભા			
WHO			
UNICEF			
ILO			
UNESCO			

2. ઐતિહાસિક કારણ લખો : ઉગ્ર રાષ્ટ્રવાદ પ્રથમ વિશ્વયુદ્ધ પછી વિશ્વશાંતિ માટે જોખમરૂપ બન્યું.

